# આપણી વાત



■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તથા સરસ્વતી સર્વોદય મંડળ, બાબાપુર સંચાલિત જનતા વિદ્યાલય, થોરખાણના સંયુક્ત ઉપક્રમે શ્રી વ્રજલાલ દવે (શિક્ષણ) વ્યાખ્યાનમાળા અંતર્ગત જનતા વિદ્યાલય, થોરખાણ, તાલુકો બાબરા, જિલ્લો અમરેલીમાં તા. ૧૧-૩-૨૦૧૭ના રોજ બપોરે ૩.૩૦ કલાકે ડૉ. ભદ્રાયુ વચ્છરાજાનીએ 'શિક્ષણ અને કેળવણી' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તથા ગાંધીનગર સાહિત્યસભા, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ચંદ્રકાન્ત શેઠ-પ્રેરિત બાલમિત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૧૨-૩-૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે ગાંધીનગર સાહિત્યસભા, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગરમાં શ્રી ફિલિપ ક્લાર્કે 'બાલસાહિત્ય અને આપણે' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તથા કુમારી એમ. વી. ગાર્ડી કૉલેજ ઑફ એજ્યુકેશન, માંગરોળ (જિ. જૂનાગઢ)ના સંયુક્ત ઉપક્રમે વ્રજલાલ દવે (સાહિત્ય) વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૧૫-૩-૨૦૧૭ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે કુમારી એમ. વી. ગાર્ડી કૉલેજ ઑફ એજ્યુકેશન, માંગરોળ, જૂનાગઢમાં શ્રી રમેશ મહેતાએ 'કવિતાનું શિક્ષણ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતના સંયુક્ત ઉપક્રમે વાર્તાકાર જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૧૭-૩-૨૦૧૭ના રોજ બપોરે ૧.૦૦ કલાકે સ્વ. કુંજવિહારી મહેતા સેમિનાર હૉલ, એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, અઠવા લાઇન્સ, સુરતમાં ડૉ. વિજય શાસ્ત્રીએ 'શ્રી જ્યોતીન્દ્ર દવેની હાસ્યસૃષ્ટિ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના ઉપક્રમે શ્રી જયંતી એમ. દલાલ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૨૩-૩-૨૦૧૭ના રોજ સાંજે ૫.૩૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદમાં ડૉ. રૂપાલી બર્કે 'ગુજરાતની સાંપ્રત આદિવાસી કવિતાનો મારો અંગ્રેજી અનુવાદ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તથા સાહિત્યસૃષ્ટિ, વડોદરાના સંયુક્ત ઉપક્રમે શ્રી ગની દહીંવાલા (સાહિત્ય) વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૨૫-૩-૨૦૧૭ના

રોજ સાંજે ૪.૩૦ કલાકે ગુજરાત પુસ્તકાલય મંડળ, રાવપુરા, વડોદરામાં શ્રી હરીશ વટાવવાળાએ 'ગની દહીંવાળાની કવિતામાં પ્રકૃતિદર્શન' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

## 'બે વર્ષના સાહિત્યનું સરવૈયું' (૨૦૧૪-૨૦૧૫)

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના ઉપક્રમે તા. ૧૮-૩-૨૦૧૭ના રોજ 'બે વર્ષના સાહિત્યનું સરવૈયું' (૨૦૧૪-૧૫) વિષય પર એક દિવસનો પરિસંવાદ ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદમાં યોજાયો હતો.

પરિસંવાદની ઉદ્‌ઘાટન-બેઠકનો પ્રારંભ ૯.૩૦ વાગે થયો હતો જેમાં પરિષદમંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે સૌનું સ્વાગત કર્યું હતું. ત્યાર પછી પરિસંવાદની ભૂમિકા બાંધી આપી હતી. પરિષદપ્રમુખ શ્રી ચંદ્રકાન્ત ટોપીવાળાએ પ્રમુખીય પ્રવચન કર્યું હતું. દ્વિતીય બેઠક ૧૦ કલાકે શરૂ થઈ હતી. જેમાં શ્રી કનુભાઈ ખડદિયાએ 'નવલકથા' (૨૦૧૪) વિશે, શ્રી ભાવેશ જેઠવાએ 'નવલકથા' (૨૦૧૫) વિશે સરવૈયું રજૂ કર્યું હતું. આ બેઠકનું સંચાલન શ્રી પ્રજ્ઞા પટેલે કર્યું હતું. તૃતીય બેઠક બપોરે ૨.૦૦ કલાકે શરૂ થઈ હતી. શ્રી ધ્વનિલ પારેખે 'કવિતા' વિશે, શ્રી મીનલ દવેએ 'ચરિત્ર' વિશે, શ્રી કિશોર પંડ્યાએ 'બાળસાહિત્ય' વિશે અને શ્રી રૂપાલી બર્કએ 'અનુવાદ' વિશેનું – આ બેઠકમાં બધા જ વક્તાઓએ (૨૦૧૪-૨૦૧૫) બે વર્ષનું સરવૈયું રજૂ કર્યું હતું. આ બેઠકનું સંચાલન શ્રી અજય રાવલે કર્યું હતું. પરિસંવાદના અંતે શ્રી પ્રફુલ્લ રાવલે સૌનો આભાર માન્યો હતો.

તા. ૨-૩-૨૦૧૭ના રોજ 'પાક્ષિકી' અંતર્ગત શ્રી સાગર શાહે 'સુજીની સમાજસેવા' વાર્તાનું પઠન કર્યું હતું.

## સાહિત્યવૃત્ત

તા. ૧૫-૨-૨૦૧૭ના રોજ વિશ્વકોશમાં શ્રી રતિલાલ બોરીસાગરે 'એક નહીં લેવાયેલો ઇન્ટરવ્યૂ' વિશે વક્તવ્ય આપ્યું હતું.

તા. ૧૬-૨-૨૦૧૭ના રોજ સાંજે ૫.૦૦ કલાકે ગુજરાત વિશ્વકોશમાં ભદ્રંકર વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત શ્રીમતી નીલમ વર્માએ 'બાંધવઘટનું કલાકેન્દ્ર : એકલપંથી મહિલાનું સાહસ' વિશે વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને કાવ્યધારાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪-૨-૨૦૧૭ના રોજ સાંજના ૭.૦૦ વાગે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના હીરાલાલ ભગવતી સભાગૃહમાં આદિવાસી નિવાસી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કાવ્ય-પ્રસ્તુતિનો કાર્યક્રમ યોજાયો હતો.